# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છના કુરન ગામે બાળકોને શાળા પ્રવેશ કરાવશે. ગઈકાલે કચ્છ કાર્નિવલનું ઉદઘાટન કર્યુ જ્યારે કચ્છની સરહદે ખડે પગે રહેતા બીએસએફના જવાનો સાથે સંવાદ સાધ્યો.**
2. **ગાંધીનગર જિલ્લાની તમામ વિકાસલક્ષી યોજનાઓને સમય મર્યાદા પૂર્ણ કરવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની તંત્રને સૂચના.**
3. **અમદાવાદ સહિત રાજ્યભરમાં અષાઢી બીજ નિમિત્તે યોજાયેલી રથયાત્રા કોમી એકખાલના વાતાવરણ વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન.**
4. **કચ્છ અને બનાસકાંઠા અને દેવભૂમિ દ્વારકાના છુટછવાયા સ્થળોએ આજે અતિભારે વરસાદની આગાહી.**
5. **અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 197માં અંગદાનને કારણે અન્ય લોકોને નવજીવન મળશે.**

-------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM KUTCH CARNIVAL

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ અંતર્ગત આજે ત્રીજા દિવસે કચ્છ જિલ્લાના છેવાડાના ગામ કુરનની શાળામાં બાળકોનું શાળા નામાંકન કરાવશે.

ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છી નવા વર્ષ અષાઢી બીજે ભુજ ખાતે કચ્છ કાર્નિવલમાં સાંજે સહભાગી બની કચ્છીયત કલાને માણી હતી.

કચ્છ કાર્નિવલનો આરંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવા વર્ષની શુભેચ્છા પાઠવી કચ્છી માડુઓ સાથે અષાઢી બીજ ઉજવી હતી. ભુજના હમીરસરકાંઠે કચ્છના બે હજાર પાંચસોથી વધુ કલાકારોએ 62 ફ્લોટ સાથે કચ્છી કળાને રજૂ કરી હતી.

રિન્યૂએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજનના પ્રકલ્પો થકી કચ્છ ભારતનું પાવર હાઉસ બની અર્થતંત્રમાં મોટું યોગદાન આપશે તેમ જણાવ્યું હતું.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી

કચ્છની મુલાકાતે પહોચેલા મુખ્યમંત્રીએ સરહદના સંત્રીઓના ખબરઅંતર પૂછીને 'ઓપરેશન સિંદૂર'ની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

BSF ખાવડા બીઓપી ખાતે ૮૫ બલૂચ વિજેતા બટાલિયનના જવાનો સાથે મુખ્યમંત્રીએ સંવાદ સાધીને તેમની સાથે ભોજન લીધું હતું.

---

# SHALA PRAVESHOTSAV

રાજ્યમાં બીજા દિવસે પણ વિવિધ  શાળાઓમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો. સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાની અધ્યક્ષતામાં લીંબડી **H.K.** બૉયઝ સ્કૂલ અને અંકેવાળિયા પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ યોજાયો.

ગીર સોમનાથના ઊના તાલુકાની સોનારી પ્રાથમિક શાળા, તડ-પે સેન્ટર શાળા અને કોબ પ્રાથમિક શાળામાં પાણી-પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો. ઉપરાંત શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ વેરાવળ તાલુકાની શ્રી પે સેન્ટર શાળા નંબર એક, શારદા શાળા, ભાલપરા અને કન્યા પે સેન્ટર શાળા, આજોઠા ગામમાં નાનાં ભૂલકાઓ અને બાળકોને આંગણવાડી અને શાળામાં પ્રવેશ અપાવ્યો.

રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાએ કહ્યું હતું કે ગુજરાત એકમાત્ર રાજ્ય છે જ્યાં શાળા પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે શાળા પ્રવેશોત્સવની પ્રથમ પહેલ લાગુ કરવામાં આવી હતી. આ પહેલ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં શરૂ કરવામાં આવી હતી.

આ અંગે નાણામંત્રી કનુ દેસાઈએ વધુ માહિતી આપી.

## (બાઈટ – કનુ દેસાઈ,નાણામંત્રી)

તાપીમાં જિલ્લા પ્રભારી મુકેશ પટેલની અધ્યક્ષતામાં સોનગઢના ખુરશી અને નાના કાકડ-કુઆ ખાતે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો.

મહેસાણામાં વિસનગર તાલુકાની રાજગઢ અને વિષ્ણુપુરા પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની હાજરીમાં પ્રવેશોત્સવ ઉજવાયો.

ગાંધીનગરની ધોળાકુવા, સેક્ટર ત્રણ અને છ-ની શાળાઓમાં ભૂલકાંઓનો પ્રવેશ કરાવીને મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ તેમનો વિદ્યારંભ કરાવ્યો.

નર્મદાના ગરૂડેશ્વર તાલુકામાં મુખ્યમંત્રી કાર્યાલયના સચિવ ડૉક્ટર વિક્રાંત પાંડેએ ઉપસ્થિત રહી ત્રણ શાળાના 121 વિદ્યાર્થીઓનું નામાંકન કરી તેમનો પ્રવેશ કરાવ્યો

અમદાવાદની કેશવનગર શાળા નંબર એક-માં મુખ્યમંત્રીનાં અધિક અગ્ર-સચિવ અવંતિકા સિંઘે શાળામાં બાળકોને પ્રવેશ અપાવ્યો.

મોડાસા તાલુકાના હફસાબાદ અને સાયરા પ્રાથમિક શાળાઓમાં રાજ્ય કક્ષાના મંત્રી ભીખુસિંહજી પરમારે નાના ભૂલકાઓને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

---

# AMIT SHAH DISHA MEETING

વિકાસ કાર્યો સમય મર્યાદામાં પુરા થાય તેવી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે અધિકારીઓને સૂચના આપી હતી. અમિત શાહના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રિક્ટ ડેવલોપમેન્ટ કોર્ડીનેશન એન્ડ મોનિટરિંગ કમિટી , દિશાની યોજાયેલી બેઠકમાં કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેની તકેદારી રાખવા પણ શ્રી શાહે સૂચના આપી હતી.

શ્રી શાહે આ બેઠકમાં ગાધીનગર જિલ્લામાં કાર્યરત વિકાસ કાર્યોની પ્રગતિ અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના વ્યાપ અંગે વિસ્તૃત સમીક્ષા કરી હતી. પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના , પ્રધાનમંત્રી જીવન જ્યોત બીમા યોજના , અટલ પેન્શન યોજના સહિતની કલ્યાણકારી યોજનાઓમાં કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

તેમની ગાંધીનગરની મુલાકાત દરમિયાન શ્રી શાહે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લઇને પ્રાકૃતિક ખેતી અંગેની ચર્ચા કરી હતી.

---

## RATHYATRA AHMEDABAD

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગઇકાલે યોજાયેલી રથયાત્રા ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. અમદાવાદમાં 148મી યોજાયેલી રથયાત્રા રાત્રે સાડા નવ વાગ્યાની આસપાસ ત્રણે રથ નિજમંદિરે પહોંચતાની સાથે જ સપંન્ન થઇ હતી.

ગઇકાલે આ રથ નિજ મંદિરે પહોંચ્યા બાદ તેમને મંદિર પરિસરમાં આરામ કરાવવામાં આવ્યો હતો. ગઇકાલે યોજાયેલી આ રથયાત્રા અંગેને પ્રસ્તુત છે વિસ્તૃત અહેવાલ.

## <u>વોઇસ કાસ્ટ – આશિષપંચાલ</u>

આજે વહેલી સવારે જગન્નાથ મંદિરમાં ભગવાનને ગર્ભગૃહમાં સ્થાપિત કરાઇ રહ્યાં છે. મોટી સંખ્યામાં ભકતજનો મંદિરે દર્શન કરી રહ્યાં છે. આ વખતની

રથયાત્રામાં પ્રભુને પ્રથમ વખત ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. 101 ટ્રકમાં ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવવા આવી હતી.

30 જેટલા અખાડાએ એમના કરતબો દેખાડ્યા હતા. 18 ભજન મંડળઓ અને 2500થી વધુ સાધુ સંતોની ઉપસ્થિતિની સાથે મેઘરાજાએ વરસીને જાણે ભક્તોને અમીછાંટના કર્યા હતા.આ રથ યાત્રામાં લાખો ભક્તો આ ભક્તિ અને આસ્થાનો સંગમના સાક્ષી બન્યા હતા

રાજ્યભરમાં વિવિધ જિલ્લાઓમાં ભાવનગર, આણંદ, પાટણ અને પંચમહાલ જિલ્લામાં ભગવાન જગન્નાથજીની યાત્રા રથયાત્રા ભક્તિ અને આસ્થા સાથે શાંતિપૂર્ણ રીતે સપન્ન થઈ.

---

# IIM AWARD

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ ગઇકાલે 'પ્રોફેસર જસવંત જી. કૃષ્ણૈયા મેરિટ સ્કોલરશીપ ' ના એવોર્ડ સમારોહનું આયોજન કર્યું હતું , શ્રી મૂર્તિ અને પ્રો. ભાસ્કર દ્વારા **2024-2026** ની **PGP-** માં સૌથી વધુ સ્કોર લાવનારા બેચના વિદ્યાર્થી વિરાજ મોદીને પ્રથમ શિષ્યવૃત્તિ અને સ્મૃતિચિહ્ન એનાયત કરવામાં આવ્યું હતું,

ઇન્ફોસિસ અને કેટામરનના સ્થાપક અને **IIMA** ના બોર્ડ ઓફ ગવર્નર્સના ભૂતપૂર્વ અધ્યક્ષ નારાયણ મૂર્તિ દ્વારા આ સ્કોરલપશિપ શરૂ કરવામાં આવી હતી.

આ શિષ્યવૃત્તિ IIMA ના સ્થાપક ફેકલ્ટી સભ્યોમાંના એક અને કમ્પ્યુટર સાયન્સ, ડિસિઝન સાયન્સ અને મેનેજમેન્ટ સિસ્ટમ્સના પ્રણેતા પ્રોફેસર જસવંત જી. કૃષ્ણૈયાના સન્માનમાં શરૂ કરાઇ હતી.

---

# GOVERNOR RAJBHAVAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દેશની આવશ્યકતા હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું, આ ખેતી વર્તમાન સમયની માગ છે અને ભાવિ પેઢીની જરૂરિયાત છે. ગાંધીનગ

રના રાજભવન ખાતે પ્રાકૃતિક ખેતીની રાજ્ય સ્તરની સમીક્ષા બેઠકમાં રાજ્યપાલશ્રીએ આ મુજબ જણાવ્યું. બેઠકમાં રાજ્યના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ઉપસ્થિત રહ્યા.

રાજ્યપાલશ્રી કહ્યું , રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની મહેનત , નિષ્ઠા અને પરિશ્રમથી પ્રાકૃતિક ખેતી પદ્ધતિની પ્રમાણિકતા સાબિત થઈ છે. દરમિયાન કૃષિ વિભાગના અધિકારીઓ તથા ખેડૂત હિત માટે કાર્યરત્ સૌને પ્રાકૃતિક ખેતી પદ્ધતિને અભિયાનની જેમ અપનાવવા તેમણે આહ્વાન કર્યું.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સરળતાથી પોતાની વસ્તુઓ વેચી શકે તે માટે બનાવાયેલી બજારમાં એપ્રિલ અને મે મહિનામાં રૂપિયા સાત કરોડ 77 લાખ રૂપિયાથી વધુની વસ્તુનું વેચાણ થયું.

---

# WEATHER

હવામાન વિભાગે આજે કચ્છ, બનાસકાંઠા, દેવભૂમિદ્વારકા અને જામનગરમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે તેમજ પાટણ, સાબરકાંઠા, મોરબી , રાજકોટ, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે.

સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 30 ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે 18 બંધ હાઈ અલર્ટ, 15 બંધ અલર્ટ અને 12 બંધ ચેતવણી પર છે.

---

# ANGDAN

સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ૧૯૭ મું અંગદાન થયું છે.અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ત્રંબકપુર ગામના વતની એવા પરસોત્તમભાઇ વેકરોયાના રસ્તામાં પડી જવાથી મગજમાં હેમરેજ થતા પ્રથમ તેમને ધારી સિવિલ હોસ્પિટલ ખાતે અને ત્યારબાદ અમરેલી હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમદાવાદ લાવવામાં આવ્યા હતા. ડોક્ટરોએ તેમને બ્રેઇન ડેડ જાહેર કર્યા હતા.

તેમના અંગદાનને કારણે કિડની હોસ્પિટલના જરૂરીયાત્મંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. આ સાથે પરસોત્તમભાઇ વેકરોયા ની બે આંખો તેમજ ત્વચાનું પણ દાન મળેલ જેમાંથી બે આંખો સિવિલ કેમ્પસમાં જ આવેલી એમ એન્ડ જે આંખની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવી તેમજ મળેલ ચામડી નું દાન

**સિવિલ હોસ્પિટલની સ્કીન બેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું જેને જરૂરિયાતમંદ દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.**

**સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૯૭ અંગદાતાઓ થકી કુલ ૬૪૫ અંગો  નું દાન મળેલ છે. જેમાં ૧૭૨ - લીવર, ૩૫૮ - કીડની, ૧૩ - સ્વાદુપિંડ, ૬૨ - હ્રદય, ૩૨ - ફેફસા, ૦૬ - હાથ, ૦૨- નાના આંતરડા નો સમાવેશ થાય છે. આ ઉપરાંત સિવિલ હોસ્પીટલ સ્કીન બેંક ને અત્યાર સુધી માં ૨૧ જેટલી ચામડીનુ પણ દાન મળ્યુ છે.**

---